
ગાંધીનગર સમાચાર

# ઘરમાં અને જીવનમાં જે પ્રશ્નો છે તે પ્રશ્નોનાં મૂળમાં કારણ મન છે



આર્ષ શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદ્ય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૧ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિ વિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર પર ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં શાસ્ત્ર વિષયના ભાગરૂપ શ્રઆર્ષળ અક્ષરધામ દ્વારા શ્રનિષ્કુળાનંદ સ્વામી કાવ્ય - ૪, મનગંજનળ ૮૫માં પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ષડ્દર્શનાચાર્ય, ભ૭.ઝ., ઝ.ન્જ્ઞ્દદ., મહામહોપાધ્યાય, દર્શનકેસરી, અભિનવભાષ્યકાર શ્રી સ્વામિનારાયણ મંદિર, સારંગપુરના પૂ. ભદ્રેશદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૨૦૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

'નિષ્કુળાનંદ કાવ્ય - ૪, મનગંજન' વિષય પર પ્રકાશ પાડતાં પૂ. ભદ્રેશદાસ સ્વામીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, મનગંજન વિ.સ. ૧૮૭૧ શ્રાવણ સુદ-૭માં લખાયેલ ગ્રંથ છે. મનગંજન પર વાત કરતાં આખી જીંદગી નીકળી જાય તેમ છે. તેમાં ઊંડા ઉતરીએ ત્યારે જ ખબર પડે છે કે તે શું છે? મનગંજન પર ટૂંકમાં અભિપ્રાય આપતાં કહ્યું કે, 'આ અધ્યાત્મનું મનોવિજ્ઞાન છે.

શા માટે એમણે મન પર વિચાર કરવાનું પસંદ કર્યું? કારણ એ છે કે, ઘરમાં અને જીવનમાં જે પ્રશ્નો થાય છે, તે પ્રશ્નોના મૂળમાં મન કારણ છે. મનજીભાઈ ૨૪ કલાક ભેગા ને ભેગા જ રહે છે અને આપણે તેને મિત્ર માનીએ છીએ. તે વિચારો કરતા થાકતું જ નથી. સતત વિચારો આવ્યા કરે છે. એટલે આ ગ્રંથ લખવાની પસંદગી નિષ્કુળાનંદ સ્વામીએ કરી છે.

પ્રવૃતિ અને નિવૃત્તિ પાછળ મન કારણ છે. મનની મોટી ભૂમિકા છે. મન થાય તો બધું જ કરાય. મન ન થાય તો તે કંઈ ન કરે. જીવનની દિશા મન નક્કી કરે છે. તે બધા જ જ્ઞાનની વચ્ચે મનની એક ભૂમિકા છે.

એકલો આત્મા જ્ઞાન પ્રાપ્ત કરી શક્તો નથી. જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો, આત્મા પહેલા મન સાથે જોડાય છે. આત્મા, મન, ઈન્દ્રિયો અને વસ્તુ એ ચારેય ક્રમમાં આવે ત્યારે જ્ઞાન પ્રાપ્ત થાય. મન સુખ-દુઃખનું કારણ છે. એકવાર તમે મનને સરખું કરી દો તો અબજોપતિ થઈ જવાય. નિષ્કુળાનંદ સ્વામીએ બહુ જ બુદ્ધિપૂર્વક અનુભવના આધારે શ્રમનગંજન લખ્યું છે. મનગંજન શા માટે જાણવું જોઈએ. કારણ કે, નિષ્કુળાનંદ સ્વામી એ અનુભવી વ્યક્તિ છે. નિષ્કુળાનંદ સ્વામી ફીમાં મનની દવા કરે છે. નિષ્કુળાનંદ સ્વામી મન પર લખે તે વાત બદલાઈ જાય છે. તેમાં તેમનું વ્યક્તિત્વ દેખાઈ આવે છે. તે શબ્દસ્વામી છે. જે વ્યક્તિ મન સાથે માથાકૂટ કરી શકે. તે મનગંજન લખે. તેમાં શંકા કરવાની હોય જ નહી.

મનગંજનનો અર્થ ખંડન મનનું ખંડન. મનને ચાબુક મારવો. ગંજન એટલે ગાજવું-અવાજ. આખી દુનિયામાં મોટાભાગનો મનનો અવાજ-ઘોંઘાટ લાગે છે. નિષ્કુળાનંદ સ્વામી મનનો વિચાર કરતાં પહેલા શ્રીજીમહારાજને યાદ કરે છે. જ્યારે વૈચારીક વાત કરતાં હોય ત્યારે પણ શરૂઆતમાં પ્રગટ ભગવાનને યાદ કરવા જોઈએ. મન વિષે વાત કરવા માટે ભગવાનની જરૂર પડશે જ. નિષ્કુળાનંદ સ્વામી કેવળ કલ્પનાથી નથી લખતા. દેહરૂપી નગર છે તેમાં બે દિવાન થઈ બેઠા છે. એક નિજ મન અને બીજુ પરતક મન. બંનેને એકબીજાને બનતું નથી. રોજ માથાકૂટ. એક હા પાડે છે, એક ના પાડે છે. કોઈ કોઈનું માનતું નથી. નિજ મન સત્સંગી મન છે. બન્નેનો સામસામે ઝઘડો ચાલે છે. પરતક મન-સસાંરી મન સત્સંગી મનને કહે છે. તું બહાર નીકળ. આ રીતે એક યુદ્ધનું વાતાવરણ બને છે.

એક જ માનસમાં બે પ્રકારનાં વલણ હોય છે. કોઈ પરિસ્થિતિના યોગમાં આપણે આવીએ કે તરત તેમાં મન બદલાયા કરે છે. દરેક વ્યક્તિની અંદર એક જેકિલ અને એક હાઈડ બેઠો છે. બંને મનની ફોજનું વર્ણન કરે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ, શોક, હર્ષ, આ સંસારી મનના યોદ્ધા છે. ગમે ત્યારે ગમે તેવો સંકલ્પ કરી શકે તેને મન કહેવાય. જે થવાનું છે તે અચાનક થવાનું. તેને કંઈ બીક જ લાગતી નથી. પૂજામાં બેઠા હોય ત્યારે જ જગતના વિચાર આવે છે. નિર્ભય રીતે સંસારી મન વિચાર કરતું હોય છે. વિષયના વિકાર ગણ્યા ગણાય નહીં તેટલા છે.

નિજ મન, શીલ, ચરિત્ર, સંતોષ, વિવેક, દયા, વૈરાગ્ય, જ્ઞાનગરીબી-નમ્રતા, ભજનથી ભરપુર શાંત. આદિ યોદ્ધાઓની સેના લઈને આવે છે. બંનેના યુદ્ધનો આરંભ થાય છે. પંચવિષયના બાણ મારે છે. સત્સંગી મન કહે છે, અમે શબ્દને આકાશનો ભાગ કર્યો છે. સ્પર્શ વાયુનો વિકાર છે. તે વિના બીજુ બધું અંગાર છે. રૂપ તે તેજનો વિકાર છે. ગંધ પૃથ્વીનો ભાગ છે. ખટરસ શરીરને પોષવા માટે છે. પાંચ બાણ માર્યા પણ સત્સંગી મનને વાગ્યા નહિ. બધી ઈન્દ્રિયો રાજા થઈને બેઠી છે.

મન સાથે સંઘર્ષ થાય. જોવું તો આંખને હોય પણ ચાલવું પડે પગને. સંસાર તરફથી પ્રહારો થાય છે. સંસારી મન મિત્ર બની આવે ત્યારે ઘણું અઘરું છે. ત્યારે દાઝ ચડવી જોઈએ. મનગંજન નિષ્કુળાનંદ સ્વામીના કવિત્ત્વનો પરિચય કરાવે છે. યુદ્ધનું વાતાવરણ નિષ્કુળાનંદ સ્વામી શબ્દોથી ઉભું કરે છે. છેલ્લે પરતક મન હારી જાય છે. આજ તો મન સારુ વર્તે છે પણ કાલનો તારો વિશ્વાસ નહી. તમે કોઈનું સારુ કરવાના નથી, તારે રહેવું હોય તો રે, હું તને સતત બંધનમાં રાખીશ. ત્યાગ કરીને વનમાં ગયો હોય તો પણ તેનું મન કળી શકાતું નથી. છેવટે સત્સંગી મનનો વિજય થાય છે. નિજ મન કહે છે, જેના ભેળા ભગવાન છે તેને શો ભય ? સત્સંગના પ્રતાપથી ગમે તેવાને હરાવી શકાય છે. મન ભગવાન, સત્સંગ અને ગુરુ ત્રણના પ્રતાપે જીતાય છે.

મનનું મૂળ કાઢ્યું અને પોતે નિષ્કુળ થયા છે. તે કવિ, ભક્ત, તત્ત્વજ્ઞાની અને મનોવૈજ્ઞાનિક છે. આપણે મનને વશ કરી શકીએ. મનને શુદ્ધ કરી શકીએ. મનને પવિત્ર કરી શકીએ. તેના માટે ગુરુની આવશ્યકતા છે. વાંચન, વિવેક જરૂરી છે. ખરેખર બુદ્ધિશાળી થવું હોય તો નિષ્કુળાનંદ કાવ્ય વાંચજો.

છેલ્લે પ્રવચનને અંતે પૂ. ભદ્રેશદાસ સ્વામીએ શ્રોતાઓના પ્રશ્નોના જવાબ સંતોષકારક રીતે આપ્યા હતા.

પ્રવચનના અંતમાં અક્ષરધામના મહંત પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ આગામી ૮૬મી પ્રવચનમાળાના વ્યક્તિવિશેષ વિષયમાં મહંતસ્વામી મહારાજની રૂપરેખા આપી હતી.

# માઉન્ટ કાર્મેલ શાળામાં નવરાત્રિની ઉજવણી



સેક્ટર-૨૧,સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. ધોરણ-૧ થી ૧૨ તથા પ્રિ-પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ગરબામાં જોડાયા હતા. બેસ્ટ ડ્રેસ બોય તથા ગર્લ અને બેસ્ટ પરફોરમન્સ બોય તથા ગર્લને ઈનામ આપવામાં આવ્યા. શિક્ષકો પણ ઉત્સાહભેર જોડાયા હતા. આચાર્યા સિસ્ટર જેનિફરનાં માર્ગદર્શન હેઠળ આ મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## જન્મદિને વધામણી



**ડો. પિયુષ દવે**
ટ્રસ્ટી, કલ્ચરલ ફોરમ
મો. ૯૬૨૪૦ ૦૪૩૮૦



**ફલક હિંગુ**



**માહી પ્રકાશચંદ્ર સાંગલેકર**
મો. ૯૬૦૧૧ ૮૯૬૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સરદાર ઓલિમ્પિક્સના ઉપક્રમે ગાંધીનગર ઝોનમાં ખેલકૂદ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૯

સરદાર પટેલના જન્મજયંતિ મહોત્સવ ઉપક્રમે સરદાર ધામ દ્વારા સરદાર પટેલના આદર્શો અને કાર્યોને મૂર્તિમંત કરવા તેમજ નવી પેઢીને અખંડ ભારતના નિર્માતા તરીકે રાષ્ટ્રનિર્માણમાં યોગદાન જળવાઈ રહે તે માટે રાજ્યકક્ષાના સરદાર ઓલિમ્પિક્સના ઉપક્રમે ગાંધીનગર ઝોનમાં ખેલકૂદ અને રસ્સાખેંચની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

૮૦૦થી વધુ ખેલાડીઓ વિવિધ પ્રકારની ઈવેન્ટ્સમાં પોતાની શક્તિ ઉજાગર કરી રહ્યા છે. ૧૪ ઓક્ટોબરના રોજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે સમાજના મહાનુભાવો, પદાધિકારીઓ, કર્મચારીઓ, વેપારી સંગઠનો અને યુવાનો ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કરશે. રસ ધરાવતા સૌ ખેલપ્રેમીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ઉમિયા માતાજી સંસ્થાન, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ, શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ અને સમસ્ત પાટીદાર સમાજ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ફ્લાઈટ સર્વિસિસ અંગે માર્ગદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે બ્રહ્માણીકૃપા હૉલ ખાતે ફ્લાઈટ સર્વિસિસ એન્ડ ઓપર્ચ્યુનિટીઝ અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાની સાથે તાલીમ કાર્યક્રમની ભાગીદાર સંસ્થા તરીકે અમદાવાદ અને કુડાસણ સ્થિત એફએસટીસી-યુરોપ સંસ્થા જોડાઈ હતી. હોલની મોટી સ્ક્રિન પર નયનરમ્ય અને રોમાંચક પ્રેઝન્ટેશન દ્વારા ફ્લાઈટ સર્વિસિસ ટ્રેનીંગ સેન્ટરના ઈન્સ્ટ્રક્ટર અને ખાનગી ઉડ્ડયનનો ૧૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા રોહિત ખન્નાએ ફ્લાઈટ ઓર્ગેનાઈઝેશનનાં વિવિધ પાસાઓ દ્વારા માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું. એફએસટીસી ટીમે વિદ્યાર્થીઓને પડકારજનક અને રોમાંચક કેરિયર અંગે વિદ્યાર્થીઓને વિચારવાની અપીલ કરી હતી. આ અર્થે વિદ્યાર્થીઓને ટ્રેનીંગના વિવિધ વિભાગોની સમજ પણ આપવામાં આવી હતી. સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સંસ્થા પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# એસ. જી. સ્કૂલમાં અંતાક્ષરી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૯

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૫ થી૮ના વિદ્યાર્થીઓ માટે વિવિધ હાઉસ પ્રમાણે નાથીબા હોલમાં અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન થયું. આ સ્પર્ધામાં દેશ ભક્તિ ગીત, લોકગીત, પ્રેરણાદાયી ગીત, તહેવારના ગીતો, ચિત્રો પરથી ગીત વગેરે વિષયો પર અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ નંબર સુભાષ (ઓરેંજ હાઉસ)નો આવ્યો હતો. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## આર જી પટેલ સ્કૂલમાં ડોમેસ્ટીક વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૯

પીસીઆરએનાં ફેકલ્ટી રાજેશ્રીબેન વાર્ષ્ણેય દ્વારા ડોમેસ્ટીક વર્કશોપનું આયોજન શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપ વિદ્યાર્થિનીઓ માટે ખૂબ જ માહિતીપ્રદ અને ઉપયોગી બન્યો હતો. વર્કશોપ દરમિયાન વીજળી, ગૅસ જેવી કુદરતી સંપત્તિની બચત અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

કાર્યક્રમના ભાગરૂપે ઊર્જા બચતના વિષય ઉપર નિબંધ સ્પર્ધા અને ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

શાળા પરિવાર તરફથી આ સફળ આયોજન બદલ રાજેશ્રીબેન વાર્ષ્ણેય પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષક-વાલી સંમેલનનું આયોજન




શિક્ષણ એ ત્રિધ્રુવી પ્રક્રિયા છે, જેના ત્રણે ધ્રુવો વચ્ચે સમયાંતરે ચર્ચા વિચારણા થવી જરૂરી છે. તો જ તેનો ફાયદો બાળકોના શિક્ષણમાં થાય છે. આ જ હેતુને ચરિતાર્થ કરવા માટે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શાળા પરિવાર દ્વારા શિક્ષક-વાલી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા પરિવારના કુલ ૩૦૦ વાલીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પૂરક મૂલ્યાંકનનું પેપર મૂલ્યાંકનનું પેપર નિદર્શન અને જૂનથી સપ્ટેમ્બર માસ સુધી યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ફાલ્ગુન વોરા તથા ટ્રેનર દિપકભાઈ તેરૈયા દ્વારા વાલીઓને શાળા પ્રત્યેની વાલી તરીકેની ફરજોની સમજ વિગતે આપવામાં આવી હતી.

# મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા કેવી રીતે બન્યા ?

મોહનદાસ કરમચંદ ગાંધી - મહાત્મા કેવી રીતે બન્યા ? એવા સવાલ ઘણીવાર સ્કૂલકક્ષાએ કે કૉલેજકક્ષાએ પૂછવામાં આવે છે. અનેક લોકોએ આ માટેનાં અનેક કારણો આપ્યાં છે. પરંતુ મારા મતે આ કારણો થોડાં જૂદાં છે અને આ કારણો છે ગાંધીનગરના જીવનમાં આવેલી વ્યક્તિઓ. સેવિકા રંભાથી માંડીને દક્ષિણ આફ્રિકામાં એમનો હાથ ઝાલીને ટ્રેનમાંથી ઉતારી દેનાર ટિકીટ ચૅકર સુધીની વ્યક્તિઓ એમના જીવનમાં આવી અને એ મોહનમાંથી મહાત્મા બન્યા એવું મારું માનવું છે.

**સેવિકા રંભા**

150 ગાંધીયાત્રા

આપણે જાણીએ છીએ કે ગાંધીજીને અંધારામાં એકલા જતાં ડર લાગતો હતો અને રંભાએ એમને શીખવ્યું હતું કે 'રામનામ જપતાં અંધારામાં જશો તો ડર નહીં લાગે.' ગાંધીજીએ એવું કર્યુ ને અંધારાનો ડર દૂર થયો. એટલું જ નહીં, એમને રામનામ પર આસ્થા થઈ જે આજીવન ટકી. બીજા શબ્દોમાં આ વાતને સમજીએ તો રંભાએ એમને શીખવ્યું કે હિંમત માણસની અંદર જ હોય છે. માણસે બસ જાત પર ભરોસો કરીને આગળ વધવાનું હોય છે. આજીવન ગાંધીજીએ પોતાની જાતમાંથી જ હિંમત મેળવી ને આગળ વધતા રહ્યા.

**માતા પૂતળીબાઈ**



પૂતળીબાઈ એટલે સંસ્કારની મિસાલ. માણસ કોઈપણ પરિસ્થિતિમાં હોય, તે ચાહે તો પોતાના સંસ્કારોને જાળવી શકે છે. પરિસ્થિતિ અનુસાર ઢળી જઈને પોતાની જાતને કે વ્યક્તિત્વને બદલી નાખવાની જરૂરિયાત હોતી નથી. માણસ નબળો પડે ત્યારે એવું અનુભવે છે. ગાંધીજી દેશ છોડીને પરદેશ જતા હતા ત્યારે માતા પૂતળીબાઈએ એમને પરસ્ત્રીગમન ન કરવાની, માંસ-મદિરા ન ખાવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી, જે ગાંધીજીએ આજીવન પાળી. આંતરિક હિંમત હોય તો પરિસ્થિતિ તમને ડગાવી ન શકે એ ગાંધીજી માતા પાસેથી શીખ્યા.

**પિતા કરમચંદ**



કિશોર ગાંધીજીએ સોનાનું કડું કપાવીને દેવું ઉતાર્યું હતું ને એ વાત પિતાથી છુપાવી હતી. પરંતુ આખરે એ ચોરી જ છે એવો વિચાર મનમાં આવ્યો ને મન કાબૂમાં ન રહ્યું ત્યારે પિતા પાસે તેની કબૂલાત કરવાનું નક્કી કર્યું. કહેવાની હિંમત તો નહોતી, એટલે ચિઠ્ઠી લખી. ચિઠ્ઠીમાં સાચી કબૂલાત તો કરી જ હતી, પરંતુ આવી ભૂલ ફરી નહીં કરવાનો નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો. એમને હતું કે પિતાજી ગુસ્સો કરશે, કદાચ હાથ પર ઉપાડે. પણ થયું એનાથી સાવ ઉલ્ટું. પિતાજી કશું જ ન બોલ્યા. કંઈ પૂછ્યું પણ નહીં. બસ એમની આંખોમાંથી બે બિંદુઓ સરી પડ્યાં. આ આંસૂએ ગાંધીજીના મન ઉપર ઘેરી અસર કરી. પિતાજીએ એમને માફ તો કરી દીધા હતા. પરંતુ જે દુખ ગાંધીજીએ અનુભવ્યું હતું એનાથી કેટલુંય વધારે દુખ પિતાજીએ અનુભવ્યું હતું અને તોય એમને એકપણ શબ્દ કહ્યા વિના માફી આપી દીધી હતી. ગાંધીજી પિતાજી પાસેથી શીખ્યા કે સામેનાનું દુખ, તકલીફ તમે તમારા હૃદયથી અનુભવો તો સામેનાને એનો અહેસાસ થયા વિના રહેશે નહીં. આ જ શસ્ત્રનો ઉપયોગ તેમણે અંગ્રેજો સામે કર્યો અને લોહી રેડ્યા વિના દેશને આઝાદી અપાવવામાં સફળ પણ થયા. (ક્રમશઃ)

- કુંતલ નિમાવત